ખતરનાક કોરોના
સાવધાની જ ઉપાય
સામાજીક અંતર જાળવણી
વારંવાર હાથ ધોઈએ
માસ્ક અવશ્ય પહેરીએ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૦ ૧૧ એપ્રિલ, ૨૦૨૧, રવિવાર; ફાગણ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં સંક્રમણ સ્ફોટક, કેસ દોઢ લાખની નજીક

## દેશભરમાં કોરોનાનો કળો કહેર, નવા કેસ વિક્રમી ઊંચાઈ પર : દેશમાં કોરોનાથી મોતનો કુલ આંકડો ૧,૬૮,૪૩૬ પર પહોંચ્યો, એક્ટિવ કેસની સંખ્યા ૧૦ લાખને પાર થઈ : દેશમાં રિકવરી રેટ ઘટીને ૯૦.૮ ટકા

નવી દિલ્હી, તા.૧૦

દેશમાં કોરોનાનો કહેર ઓછું થવાનું નામ નથી લઈ રહ્યો. દરરોજ દેશમાં નવા કેસની નવી ઊંચાઈ બની રહી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી શનિવારે સવારે જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧,૪૫,૩૮૪ નવા કેસ નોંધાયા છે. આ સમયગાળા દરમિયાન ૭૭,૫૬૭ લોકોને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. કોરોનાને કારણે ૨૪ કલાકમાં કુલ ૭૯૪ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ સાથે જ દેશમાં કોરોનાથી મોતનો કુલ આંકડો ૧,૬૮,૪૩૬ પર પહોંચ્યો છે. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૦ લાખને પાર થઈ ગઈ છે.

દેશમાં અત્યારસુધી કોરોના વાયરસના કુલ ૧,૩૨,૦૫,૯૨૬ કેસ નોંધાયા છે. જેમાંથી ૧,૧૯,૯૦,૮૫૯ લોકો સાજા થયા છે. દેશમાં હાલ કુલ ૧૦,૪૬,૬૩૧ એક્ટિવ કેસ છે. કોરોના સામે લડવા માટે હાલ દેશમાં મોટાપાયે રસીકરણની પ્રક્રિયા ચાલી રહી છે.

અત્યાર સુધી દેશમાં કુલ ૯,૮૦,૭૫,૧૬૦ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી ચૂકી છે. દેશમાં રિકવરી રેટ ઘટીને ૯૦.૮ ટકા થયો છે. પાછલા ૨૮ દિવસમાં દેશમાં કોરોના કેસમાં પાંચ ગણો વધારો થયો છે. ગતત ૧૨ માર્ચે દેશમાં એક્ટિવ કેસ ૨ લાખનો આંકડો પાર કર્યો હતો. જે બાદ આજે ૯ એપ્રિલે એક્ટિવ કેસનો આંક ૧૦ લાખને પાર થયો છે.

એક્ટિવ કેસની ગણના પ્રતિ દિવસ નવા નોંધાયેલા કોરના કેસમાંથી તે દિવસે રિકવર થયેલા કુલ કેસને બાદ કરવામાં આવે છે. પછી જે આંકડો મળે છે તેને એક્ટિવ કેસ કહેવાય છે. મહારાષ્ટ્રમાં શુક્રવારે કોરોના વાયરસના કુલ ૫૮,૯૯૩ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન ૩૦૧ લોકોનાં કોરોનાથી મોત થયા છે. નવા કેસની સાથે જ મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કુલ કેસની સંખ્યા ૩,૨૮૮,૫૪૦ થઈ છે. આ સાથે જ રાજ્યમાં કોરોનાથી અત્યારસુધી કુલ ૫૭,૩૨૯ લોકોનાં મોત થયા છે.

ગુરુવારે અહીં કોરોના વાયરસના નવા ૫૬,૨૮૬ કેસ અને ૩૭૬ મોત નોંધાયા છે. દેશમાં કોરોના વાયરસથી સૌથી પ્રભાવિત રાજયમાં હાલ મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ૯ એપ્રિલના રોજ દેશના બીજા રાજ્યોમાં પણ કોરોના કેસે નવા રેકોર્ડ બનાવ્યા છે. જેમાં હરિયાણામાં ૨૦

● અનુસંધાન પાના - ૭ પર

## સરકારી નીતિની નિષ્ફળતાથી કોરોનાની નવી લહેર : રાહુલ

### કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષનો સરકાર પર આક્ષેપ

નવી દિલ્હી, તા.૧૦

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો છે કે, કેન્દ્ર સરકારની નીતિઓની નિષ્ફળતાના કારણે દેશમાં કોરોનાની નવી લહેર જોવા મળી રહી છે તથા શ્રમિકો ફરી પલાયન કરવા માટે મજબૂર બન્યા છે.



આ અહંકારી અને અભિમાની સરકારને સારા સૂચનોની એલર્જી છે. રાહુલ ગાંધીએ કોરોનાની વકરતી જતી સ્થિતિને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યુ હતુ કે, દેશમાં કોરોનાની બીજી લહેર ભયંકર સ્વરુપ ધારણ કરી રહી છે.શ્રમિકો ફરી પલાયન માટે મજબૂર છે.કોરોના સામે વેક્સીન આપવાના અભિયાની સાથે સાથે શ્રમિકોને પૈસા આપવા જરુરી છે.દેશની ઈકોનોમી માટે પણ આ નીતિ ફાયદાકારક છે પણ આ અભિમાની સરકારને સારા સૂચનો ગમતા નથી. આ પહેલા આઠ એપ્રિલે પણ રાહુલ ગાંધીએ પીએમ મોદીને સૂચન આપ્યુ હતુ કે, કોરોના વેક્સીનની ખરીદી અને વિતરણમાં રાજ્ય સરકારોની ભૂમિકા વધારવામાં આવે અને રસીની નિકાસ પર તાત્કાલિક અસરથી રોક લગાવવામાં આવે.

## વિશ્વભરમાં કોરોના મહામારી બેકાબૂ

### છેલ્લા છ સપ્તાહમાં વિશ્વમાં કોરોનાના કેસમાં વધારો : તુર્કી-પોલેન્ડમાં હોસ્પિટલો કોરોનાના દર્દીઓથી ઉભરાઇ, થાઇલેન્ડમાં કેસોની સંખ્યા કાબૂમાં લેવા સરકારનો સંઘર્ષ

વોર્સો, પોલેન્ડ , તા.૧૦

દુનિયાભરમાં કોરોના મહામારી કાબૂ બહાર જઈ રહી હોવાને કારણે તુર્કી અને પોલેન્ડમાં હોસ્પિટલો કોરોનાના દર્દીઓથી ઉભરાઈ રહી છે. તો થાઈલેન્ડમાં પણ કોરોનાના કેસોની સંખ્યાને કાબૂમાં લેવા માટે સરકાર સંઘર્ષ કરી રહી છે. પાકિસ્તાનમાં આંતરિક મુસાફરી પર પણ બંધી મુકવામાં આવી છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાની પ્રવક્તા ડો. માર્ગારિટ હેરિસે જણાવ્યું હતું કે દુનિયાભરામાં છેલ્લા છ સપ્તાહથી કોરોનાના કેસો સતત વધી રહ્યા છે અને હવે ત્રણ સપ્તાહથી તો મરણાંક પણ વધી રહ્યો છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના ડાયરેકટર જનરલ ટેડરોસ એન્ધાનોમ ઘેબ્રેયેસસે કોરોના રસીકરણ મામલે પ્રવર્તતા અસંતુલનને આઘાતજનક ગણાવતા જણાવ્યું હતું કે વિશ્વમાં કોરોનાની રસીના કુલ ૭૦ કરોડથી વધુ ડોઝ અપાયા છે, જેમાંથી ૮૭ ટકા ડોઝ ધનિક દેશોમાં અપાયા છે. સમૃદ્ધ દેશોમાં દર ચાર માણસમાંથી એક માણસને કોરોનાની રસીનો એક ડોઝ મળી ચૂક્યો છે તેની સામે ઓછી આવક ધરાવતાં દેશોમાં દર ૫૦૦ જણે એક જણને જ કોરોનાની રસી મળી છે. તુર્કીશ ઈન્ટેન્સિવ કેર એસોશિએશનના વડા ઈસ્માઈલ સિનેલે જણાવ્યું હતું કે આઈસીયુ હજી ભરચક થયા નથી પણ દરરોજ કેસની સંખ્યા અને મરણાંક વધી રહ્યો છે. ઈરાનમાં ૨૫૭ શહેરોમાં દસ દિવસનો લોકડાઉન જાહેર કરવામાં આવ્યો છે. પાકિસ્તાનમાં પણ એક શહેરમાંથી બીજા શહેરમાં જવા પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે.

થાઈલેન્ડમાં પણ નવા વર્ષની સોંગકર્ણ રજાઓમાં લાખો લોકો પ્રવાસ કરતાં હોવાથી સરકારે નવા નિયંત્રણો લાદવાની જાહેરાત કરી છે. જાપાનમાં પણ સરકારે ઓલિમ્પિક પૂર્વે આકરાં નિયંત્રણો લાદવાની જાહેરાત કરી હતી. માત્ર જ્યાં રસીકરણ મોટાપાયે થયું છે તે દેશો ઈઝરાયલ, યુએસ અને યુકેમાં સ્થિતિ કાબૂ હેઠળ છે પણ નવા કેસોની સંખ્યામાં તો વધારો જોવા મળ્યો જ છે.યુરોપમાં જર્મની અને પોલેન્ડમાં રસીકરણને વેગ આપવા માટે ડોકટરો તેમાં મોટાપાયે જોડાઈ રહ્યા છે.

## આરએસએસ વડા મોહન ભાગવત કોરોનાથી સંક્રમિત

### નાગપુરની ખાનગી હોસ્પિટલમાં દાખલ : હોસ્પિટલના સૂત્રોના કહેવા પ્રમાણે ભાગવતને કોવિડ વોર્ડમાં દાખલ કરાયા છે

નાગપુર,તા.૧૦

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વડા મોહન ભાગવત કોરોના સંક્રમિત થયા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે તેમને સારવાર માટે નાગપુરની ખાનગી હૉસ્પિટલમાં ખસેડાયા છે. હૉસ્પિટલના સૂત્રોના કહેવા પ્રમાણે ભાગવતને કોવિડ વોર્ડમાં દાખલ કરાયા છે. તેમને દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. અહીં તેમની તબિયત સ્થિર છે.



આરએસએસના એક સૂત્રએ સંઘ વડા કોરોના પોઝિટિવ થયા હોવાની પુષ્ટિ કરી છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧.૩૦ લાખ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોનાના સૌથી વધારે કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં આજથી વીકેન્ડ લૉકડાઉન પણ શરૂ થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં નાગપુર, પુણે અને મુંબઈ કોરોનાથી સૌથી વધારે પ્રભાવિત છે.

## કૂચબિહારમાં ચૂંટણી હિંસામાં ચારનાં મોત

### પશ્ચિમ બંગાળમાં ચોથા તબક્કાનું મતદાન : સીતલકૂચીમાં સેન્ટ્રલ ફોર્સના જવાઓને ઓપન ફાયરિંગ કર્યું, તમામ મૃતકો ટીએમસીના હોવાનો પક્ષનો દાવો

કોલકાતા, તા.૧૦

પશ્ચિમ બંગાળમાં ચોથા તબક્કાના મતદાન દરમિયાન કૂચ બિહારમાં ફાટી નીકળેલી હિંસામાં ૪ લોકો માર્યા ગયા. પોલીસ સૂત્રોનું કહેવું છે કે, ઉત્તર બંગાળાના કૂચબિહારના સીતલકૂચીમાં સેન્ટ્રલ ફોર્સ સીઆઈએસએફના જવાઓને ઓપન ફાયરિંગ કર્યું હતું. મૃતકોમાં ૧૮ વર્ષનો યુવક પણ સામેલ છે. જો કે ટીએમસીએ દાવો કર્યો છે કે ફાયરિંગમાં જે ૪ લોકોનાં મોત નીપજ્યાં છે તે બધા ટીએમસી કાર્યકર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્થાનિક લોકોએ સીઆઈએસએફ જવાનોની રાઈફલ છીનવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારબાદ સૈનિકોને ફાયરિંગ કરવું પડ્યું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું કે, 'પ્રારંભિક અહેવાલો મુજબ, એક ગામમાં સીઆઈએફના જવાનો પરના હુમલા પછી ઓપન ફાયરિંગમાં ૪ લોકોનાં મોત નીપજ્યાં છે. અધિકારીએ જણાવ્યું હતું કે 'બંને પક્ષો વચ્ચે ઘર્ષણ થયું હતું અને સ્થાનિક લોકોએ સીઆઈએસએફને ઘેરી લીધા હતા અને તેમની રાઈફલ છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારબાદ સેન્ટ્રલ ફોર્સે ગોળીબાર કર્યો હતો, અધિકારીએ જણાવ્યું કે ચૂંટણી પંચે આ ઘટના અંગે વહીવટી તંત્ર પાસેથી રિપોર્ટ



માંગ્યો છે. શાસક પક્ષ ટીએમસીએ આ મામલે ચૂંટણી પંચને ફરિયાદ કરી છે. ટીએમસી નેતા ડેરેક ઓ બ્રાયને ચૂંટણી પંચને એક મેલ મોકલીને કહ્યું કે, સીતલકુચીના બૂથ નંબર ૧૨૬ પર સીઆરપીએફ ફાયરિંગમાં લોકોનાં મોત નીપજ્યાં હતાં. ભાજપે બૂથને કેપ્ચર કર્યુ હતું. અમારા સૂત્રોના જણાવ્યા અનુસાર, મૃતક ટીએમસી કાર્યકર હતા. આ કાયદા અને આચારસંહિતાનું ઉલ્લંઘન છે. હું આ ઘટનાની વહેલી તકે તપાસ કરવા માટે વિનંતી કરું છું. ભાજપના નેતા નીતિશ પ્રમાણિકે જણાવ્યું કે, ટીએમસી ગોળા-બારુદના રાજકારણમાં માને છે. મમતા બેનર્જીએ એક રેલીમાં તેમના લોકોને મંચ પરથી ઉશ્કેર્યા હતા કે, કેન્દ્રીય સૈન્યને ઘેરીને મારો. તે પછી ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષ પર હુમલો થયો હતો. આ ઉપરાંત પશ્ચિમ બંગાળના હુગલીમાં ભાજપના નેતા લોકેટ ચેટર્જીની કાર પર હુમલો થયો હતો. લોકોએ લોકેટ ગો બેકના નારા લગાવ્યા. હુમલામાં લોકેટ ચેટર્જીની કારના કાચ તૂટી ગયા હતા. હુગલીના બૂથ નંબર ૬૬ પર પોતાની ઉપર હુમલો થયા બાદ લોકેટ ચેટર્જીએ કહ્યું, કાર તોડી, મારી નાખવાનો પ્રયાસ કર્યો. મેં ચૂંટણી પંચને ફરિયાદ કરી છે.

## રાજ્યમાં કોમ્યુનિટી હોલ કે કોવિડ કેર સેન્ટર જેવી વ્યવસ્થાઓ તાબડતોબ ઉભી કરી કોરોનાના દર્દીઓને આઈસોલેટ કરીએ : રૂપાણી

### મુખ્યમંત્રી રૂપાણીએ સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓને સંકટની ઘડીએ સહયોગ આપવા અપીલ કરી

રાજ્યમાં એકાએક કોવિડના દર્દીઓની સંખ્યામાં અણધારી વૃદ્ધિ થતાં દર્દીઓ માટે હોસ્પિટલ બેડ, ઓક્સિજન અને ઈન્જેક્શનની અકલ્પનીય જરૂરિયાત ઊભી થઈ છે. રાજ્ય સરકાર યુદ્ધના ધોરણે કામ કરીને આ જરૂરિયાતને પહોંચી વળવા પ્રયત્નશીલ છે. કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ કે એ-સિમ્પટોમેટિક દર્દીઓ આઈસોલેશનમાં રહે



તો તેમના પરિવારજનો અને અન્ય વ્યક્તિઓમાં સંક્રમણ ફેલાતું અટકાવી શકાય. આવા સંજોગોમાં આવા દર્દીઓને પ્રાઈવેટ નર્સિંગ હોમ, કોમ્યુનિટી હોલ કે કોવિડ કેર સેન્ટર જેવી વ્યવસ્થામાં રાખી શકાય. અને જ્યાં વેન્ટિલેટર કૈંઝકેંની આવશ્યકતા નથી એવા સારવારના સ્થળો તાત્કાલિક વધારવાની આવશ્યકતા છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં રાજકોટ ખાતે આ સંદર્ભે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, કોરોનાના વધતા જતાં દર્દીઓની સંખ્યાને ધ્યાનમાં રાખતાં આપણે રોજેરોજ હોસ્પિટલો અને પથારીઓની સુવિધામાં વધારો કરવો જ પડશે. જ્યાં હોસ્પિટલો પણ ભરાઈ ગઈ છે અને રોજ વધુને વધુ દર્દીઓ આવી રહ્યા છે ત્યાં દર્દીઓને તાત્કાલિક સારવાર મળી રહે એવી વ્યવસ્થાઓ યુદ્ધના ધોરણે ઊભી કરવી પડશે. આવી વ્યવસ્થાઓ માટે સામાજિક સંગઠનો સહયોગ આપે.

## હરિયાણામાં ખેડૂતોનું અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શન

નવી દિલ્હી, તા.૧૦

મોદી સરકારના ત્રણ કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતોએ આજે ફરી એક વખત હરિયાણામાં કેટલીક જગ્યાએ વિરોધ પ્રદર્શન કરીને હાઈવે ચક્કાજામ કર્યો હતો. ખેડૂત સંગઠન સંયુક્ત કિસાન મોરચાના સભ્ય અને ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કહ્યુ હતુ કે, અમે ૨૨ જાન્યુઆરી બાદ સરકાર સાથે કોઈ વાતચીત કરી નથી. હવે અમે આખા દેશના ખેડૂતોને નવા કાયદા અંગે જાણકારી આપવામાં વ્યસ્ત છે. આ આંદોલન હવે આખા દેશમાં ફેલાઈ રહ્યુ છે અને માત્ર એક કે બે રાજ્યો સુધી સિમિત રહેવાનુ નથી.

સરકારને પોતાના ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહેવા દો.અમે લાંબુ આંદોલન ચલાવવા માટે તૈયાર છે.સરકાર ઈચ્છે છે કે, ખેડૂતો હિંસક સંઘર્ષ કરે પણ અમે લોકોન શાંતિ જાળવવા માટે અપીલ કરી રહ્યા છે. અન્ય ખેડૂત આગેવાન ડો.દર્શન પાલે કહ્યુ હતુ કે, આગામી દિવસોમાં આંદોલન દિલ્હીની સીમા પર કેવી રીતે ચાલુ રાખવુ તેની યોજના બનાવાઈ રહી છે.

સરકાર જાણી જોઈને અમારી સાથે વાટાઘાટો કરવામાં મોડુ કરી રહી છે.જેથી ખેડૂતો નારાજ થઈ રહ્યા છે. ઉનાળાની આકરી ગરમી માટે વ્યવસ્થઆ કરવામાં આવી રહી છે. ખેડૂત આંદોલન બીજા રાજ્યોમાં ફેલાઈ રહ્યુ છે. બીજા નેતાઓએ કહ્યુ હતુ કે, સરકાર અમારી ઉપેક્ષા કરી રહી છે પણ અંદરથી હલી ચુકી છે.અમે ખેડૂત આંદોલન ચાલુ રાખીશુ અને કાયદા પાછા ના ખેંચાય ત્યાં સુધી લડત આપીશું.

પ્લોટ વેચવાનો છે
ગાંધીનગર –મહુડી રોડ, સ્વપ્ન સૃષ્ટિ વોટર પાર્ક અને અલુવા હિલ્સ નજીક આવેલ બંસરી ગ્રીનમાં પ્લોટ નંબર- ૧૨, ૮૧૨ સ્ક્વેર યાર્ડ પ્લોટ વેચવાનો છે.
સંપર્ક નંબર : 98253 06605

મકાન ભાડે આપવાનું છે
ટેનામેન્ટ, ૯૦ ચો.મી., ગ્રાઉન્ડ ફ્લોર, બેંક અધિકારીને લાયક, ફક્ત ફેમીલી માટે, સેમી ફર્નિશીંગ, ઘ-૧, ઘ-૨ની વચ્ચે
મો. ૭૫૭૩૦૩૫૦૩૫
મો. ૮૧૪૧૧૮૪૬૫૬
(દલાલ માફ)

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

URGENT REQUIREMENT
(1) Store Keeper cum Accountant (B.Com / Any Graduate) - 01 No.
2 to 3 Years Experience in Maintain Stores & Inventory management, well knowledge in Purchase / Sales entry / Dispatch, Invoicing, Export Import, GST documentation on Tally ERP
(2) Production / QC Engineer (B.E / DME) - 01 No.
2 to 3 Years Experience in Production line & having knowledge of QC of various casting & machined parts, should be able to do QC on vendor end
(3) ITI Fitter/Turner/Machinist /Electricians /12th Pass -6 Nos.
2 to 3 Years Experience
Contact to Below Address With Bio-Data
Ravi Electronics
E104/105, GIDC, Electronics Zone, Sector-26, GANDHINAGAR
Mobile No: 9016876215
Email ID: sales@fluconautomationinc.com

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

સરકાર માન્ય
વાછાણી COVID-19 હોસ્પિટલ
૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ
સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
95123 55568 | 95123 55569
ઉપલબ્ધ સારવાર
૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ
વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી
સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા
કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
નોંધ: વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.
COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL